માતૃભાષા અભિયાનનું મુખપત્ર

જૂન ૨૦૧૮

# માતૃભાષા પત્રિકા

વર્ષઃ ૨ અંકઃ ૯



ગુજરાતી ભાષાના સીમાસ્તંભ : મણિશંકર ભટ્ટ ‘કાન્ત’

માતૃહસ્તેન ભોજનમ્ - વિનોબા ભાવે

અંગત પરિચય : જેઠાભાઇ પટેલ, આશાબેન ભટ્ટ

॥ ધન્ય ગિરા ગુજરાતી ॥

# માતૃભાષા અભિયાન

ભાષા અને સંસ્કૃતિના જતન માટેનું અભિયાન

## ॥ સ્વાગતમ્ ॥


**તંત્રી મંડળ**
ચિરાગ ઠક્કર, વૈશાલી મહેતા

**પરામર્શક મંડળ**
રાજેન્દ્ર પટેલ,


'માતૃભાષા અભિયાન'ના નેજા હેઠળ ચાલતી વિવિધ પ્રવૃત્તિઓના પ્રચાર અને પ્રસાર માટે તેમજ આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તમામને એક કડીથી જોડવાના પ્રયાસ સ્વરૂપે આ ઇ-મેગેઝિન પ્રકાશિત કરવામાં આવે છે.

*

તેમાં પ્રકાશિત થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી તેમજ કોપીરાઇટ જે તે લેખકના જ છે.

*

તમામ પ્રકારનો પત્રવ્યવહાર બાજુમાં દર્શાવેલા સરમાનાઓ પર કરવા વિનંતી છે.

## સંપર્ક


માતૃભાષા અભિયાન,
૦૧, સમુદાય શિક્ષણ ભવન,
નવજીવન પ્રેસ સામે,
ગુજરાત વિદ્યાપીઠ પાસે,
આશ્રમ રોડ,
અમદાવાદ - ૩૮૦૦૧૪.
**ફોન :** 079-40303879, 9909959739
**ઇ-મેલ :** matru.abhiyan@gmail.com
**વેબસાઇટ :** www.gujaratibhasha.org
**ફેસબુક :** fb.com/matrubhasha.abhiyan
**ટ્વિટર :** @MatrubhashaA


## અનુક્રમણિકા


- મંથન ........................................૩
- ગુજરાતી ભાષાના સીમાસ્તંભ : મણિશંકર ભટ્ટ 'કાન્ત'........................................૪
- અગ્રલેખઃ માતૃહસ્તેન ભોજનમ્ - વિનોબા ભાવે ૬
- અંગત પરિચય : જેઠાભાઇ પટેલ, આશાબેન ભટ્ટ...........................................૮
- આપણા આયોજનો............................૯

# મંથન

તમારા વિસ્તારમાં એકવાર જાતે તપાસ કરી જોજો કે એ વિસ્તારમાં ગુજરાતી માધ્યમમાં ઉચ્ચતર માધ્યમિક (એટલે કે ધોરણ ૧૧ અને ૧૨)માં કેટલી શાળાઓ વિનયન (આર્ટ્સ)ના વર્ગો હજું પણ ચલાવે છે. ગુજરાતી માધ્યમમાં શિક્ષણની અનિવાર્યતા વિષે તો ચર્ચા ચાલે જ છે અને માત્ર ચર્ચા જ ચાલે છે, પરંતુ વિનયન શાખા મરણપથારીએ જઇ પડી છે, એ બાબતે ભાગ્યે જ વિચાર થાય છે.

શબ્દકોશમાં 'વિનયન' શબ્દના બે અર્થ આપવામાં આવ્યા છેઃ "(૧) શિક્ષિત હોવાપણું, શિસ્ત, 'ડિસિપ્લિન' (પ્રા.વિ.) (૨) વિજ્ઞાન વાણિજ્ય વગેરે ગાણિતિક વિષયો સિવાયના સાહિત્ય, ઇતિહાસ, રાજકારણ, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર વગેરે બુદ્ધિગમ્ય વિષયોને લગતી વિદ્યા, 'આર્ટ્સ'." બીજા અર્થના આધારે વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને એમ કહી શકાય કે અત્યારે સાહિત્ય, ઇતિહાસ, રાજકારણ, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર જેવા બુદ્ધિગમ્ય વિષયોનો ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરનારાની સંખ્યા હવે નાશપ્રાયઃ જીવો જેટલી જ રહી જવા પામી છે. વિનયન શાખાની કોલેજોમાં પણ એવી જ પરિસ્થિતિ છે.

આવનારા દસકમાં આ વિદ્યાશાખાના તજજ્ઞોની ભારે ખોટ ઊભી થશે. વ્યવસાયિક સ્તરે તો તેનો પડઘો પડશે જ, પરંતુ સામાજિક સ્તરે તેનાથી બહુ મોટી ખોટ સર્જાશે. એના દૂરોગામી પરિણામો પર આજથી જ વિચાર કરવો, એ વર્તમાન સમયની માંગ છે કારણ કે વિનયશાખાનાના તજજ્ઞો સિવાય આવનારી પેઢીઓને માત્ર યંત્રમાનવોના આધારે જ શિક્ષણ મેળવવું પડે, એમ પણ બની શકે.

*****

હજું બે અંક પહેલા જ આપણે ગુજરાતના લોકપ્રિય લેખક વિનોદ ભટ્ટના એક લેખનો આસ્વાદ માણ્યો હતો. હવે ગુજરાતી ભાષાનો એ મરકાટ ક્ષરદેહે આપણી વચ્ચે નથી રહ્યો પરંતુ અક્ષરદેહે તેઓ સદાય ગુજરાતીઓના હૃદયમાં ધબકતા રહેવાના. ૨૦૧૬ના મે મહિનામાં સાબરમતી નદીને કિનારે યોજાયેલા પુસ્તક મેળામાં તેમણે મારી પુત્રીને આશીર્વાદ આપ્યો હતો, "તું ગુજરાતી વાંચી શકે અને વાંચતી રહે, તેવા આશીર્વાદ." આજે સમગ્ર ગુજરાતને એ આશીર્વાદ આપીને તેઓ શબ્દસ્થ થયા છે, ત્યારે તેમને ભાવપૂર્વક વંદન!

**ચિરાગ ઠક્કર 'જય'**

# ગુજરાતી ભાષાના સીમાસ્થંભ : મણિશંકર ભટ્ટ 'કાન્ત'

ભટ્ટ મણિશંકર રત્નજી 'કાન્ત' (૨૦-૧૧-૧૮૬૮, ૧૬-૬-૧૯૨૩) કવિ અને નાટ્યકાર તરીકે વિખ્યાત હતા. તેમનો જન્મ ચાવંડ (જિ. અમરેલી)માં અને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ માંગરોળ, મોરબી અને રાજકોટમાં થયું હતું. મોરબીમાં શાસ્ત્રી શંકરલાલ માહેશ્વરને ત્યાં જ્ઞાતિજનોનો કવિતાવિલાસ ચાલતો, તેમાં વ્રજભાષાની શબ્દચમત્કૃતિભરી કાવ્યશૈલીમાં રચનાઓ થતી તેમ જ સંસ્કૃતમાં પણ વૈવિધ્યભર્યા અને અનવદ્ય છંદોવિધાનવાળી રચનાઓ થતી. તેઓ ૧૮૮૮માં મુંબઇમાંથી લોજીક અને મોરલ ફિલોસોફીના વિષયો સાથે બી.એ. થયા. પાશ્ચાત્ય બુદ્ધિવાદે એમને અજ્ઞેયવાદી બનાવ્યા, નીતિશાસ્ત્રના અભ્યાસે જીવનની ચરિતાર્થતાના ગહનગંભીર પ્રશ્નો એમની સમક્ષ ઊભા કર્યા અને અંગ્રેજી કવિતાએ એમના પર અજબ કામણ કરી એમની કાવ્યરુચિને નૂતન રીતે ઘડી. ૧૮૮૯માં થોડો વખથ સુરતમાં શિક્ષક તરીકે કામ કર્યા પછી ૧૮૯૦ થી ૧૮૯૮ સુધી વડોદરાના કલાભાવનમાં સાહિત્યશાસ્ત્રના અધ્યાપક, વાઇસ પ્રિન્સિપાલ અને એની અંગભૂત ટ્રેનિંગ કૉલેજના આચાર્ય તરીકે રહ્યા.



આ દરમિયાન ૧૮૯૧માં પ્રથમ પત્નીનું અવસાન થયું અને તેઓ અત્યંત દુઃખી થયા. એમના સ્નેહાતુર કલ્યાણવાંછુ હૃદયને જડ બુદ્ધિવાદ અને અજ્ઞેયવાદથી સંતોષ નહોતો અને થિયોસોફીના રહસ્યવાદથી તેઓ આ પૂર્વે પ્રબળપણે આકર્ષાયા હતા, પણ હવે તેઓ ઇશ્વરના અસ્તિત્વને માનતા અને ભક્તિની આવશ્યકતાને સ્વીકારતા થઇ જાય છે, અને વિભિન્ન ખેંચાણોની અનુભૂતિ સાથે, ૧૮૯૮માં લગ્નસ્નેહની દિવ્યતા પ્રબોધતા તથા સ્વર્ગમાં પણ સ્ત્રીપુરુષના આત્માના મિલનની ખાતરી આપતા સ્વીડનબોર્ગીય ખ્રિસ્તી ધર્મમાં જઇ વિરમે છે. ૧૮૯૮માં એમણે ખ્રિસ્તી ધર્મનો કરેલો સ્વીકાર કામચલાઉ નીવડ્યો, પણ ભાવનગર ગયા પછી ૧૯૦૦ કરેલો જાહેર સ્વીકાર જ્ઞાતિબહિષ્કાર બની રહ્યો.

૧૮૯૮ થી ૧૯૨૩ સુધી એમણે ખ્રિસ્તી ધર્મ-સ્વીકારને કારણે થયેલા થોડા વિક્ષેપ સાથે ભાવનગર રાજ્યમાં બહુધા શિક્ષણ અધિકારી તરીકે અને પછીથી દીવાન કચેરીમાં કામગીરી

બજાવી. ૧૯૨૩માં કાશ્મીરના પ્રવાસે ગયા. ત્યાંથી પાછા ફરતાં રાવલપિંડીથી લાહોર આવતી મેલ ટ્રેનમાં એમનું અવસાન થયું.

સાહિત્યક્ષેત્રે એમનું મુખ્ય અને મહત્વનું પ્રદાન કવિ તરીકેનું છે. અંગ્રેજીના પ્રભાવ નીચે વિકસતી આવેલી અર્વાચીન ગુજરાતી કવિતાનું પ્રૌઢ સ્વાધીન રૂપ પહેલીવાર એમની કવિતામાં પ્રગટ થાય છે. ‘પૂર્વાલાપ’(૧૯૨૩)માં એમણે પોતાનાં કાવ્યોનો સંચય કર્યા પછી ૧૯૨૬ની રા.વિ.પાઠક સંપાદિત આવૃત્તિમાં પરિશિષ્ટ રૂપે કેટલાંક કાવ્યો ઉમેરાયેલાં છે તેમ છતાં હજુ કેટલાંક કાવ્યો અપ્રગટ રહેલાં તથા સામયિકો ને નાટક કે સંગીતના ગ્રંથોમાં કાન્તના નામે કે નામ વગર પડ્યાં રહેલાં છે. ૧૮૮૬ કે તે પૂર્વેથી માંડીને ૧૯૨૩ સુધીના કાવ્યસર્જનના આ પ્રવાહની દિશા અને ગતિ ૧૮૯૧ પછી એકદમ બદલાઇ જતી ભાસે છે. ત્યાં સુધી વૃતબદ્ધ અને એમાંયે વિશેષે લાંબા વૃતાંતકાવ્યો આપનાર કવિ પાસેથી પછીથી અંગત ઊર્મિનાં થોડાં વૃતબદ્ધ કાવ્યો, તો વિશેષે, ગઝલ, કવ્વાલી, અંજલી વગેરે પ્રકારની ગીતરચનાઓ અને સંગીતાનુકૂલ શબ્દરચનાઓ મળે છે; કાવ્યબાની સંસ્કૃતની શિષ્ટમિષ્ટ છટાથી તળપદી સરલતા અને સીધાપણા તરફ ઢળતી જાય છે; પ્રયોગશીલતા શાંત પડે છે અને કવિતાની સિદ્ધિઓથી ભરેલો અંક પૂરો થતો અનુભવાય છે.

સૌન્દર્યતત્વના ઉપાસક કવિ હવે શિવતત્વના ઉપાસક પ્રતીત થાય છે. કવિતાના આ અસાધારણ દિશા-ગતિના પલટામાં ઊંચા કાવ્યાદર્શ અને અત્યંત સભાન આયાસપૂર્ણ કાવ્યલેખનરીતિના થાકથી પ્રસંગોપાત ઉદ્ભવતી નિરાશા, પત્નીના મૃત્યુ જેવા અંગત જીવનના આઘાતો, વડોદરાના કલાભવનમાં ‘શિક્ષણનો ઇતિહાસ’ જેવા ગ્રંથની કામગીરીનો બોજ અને સૌથી વિશેષ સ્વીડનબોર્ગીય ખ્રિસ્તી ધર્મના સ્વીકારમાં પરિણમેલું કવિનું આંતરમંથન કારણભૂત હોવાનો સંભવ છે.

કાવ્યની કવિપ્રતિભાનો વિશિષ્ટ ઉન્મેષ, પછીથી ‘ખંડકાવ્ય’ એ સંજ્ઞાથી ઓળખાયેલાં એમનાં વૃતાંતકાવ્યો છે. પુરાણકથા કે કવિસમયનો આશ્રય, માર્મિક જીવનક્ષણનું રહસ્યગર્ભી વસ્તુલક્ષી સ્વસ્થ આલેખન અને વૃતવૈવિધ્યથી સિદ્ધ કરેલું મનોરમ કાવ્યસ્થાપત્ય એ એનાં લક્ષણો પછીથી ખંડકાવ્યના સ્વરૂપવિધાપક લક્ષણો બની ગયાં છે અને ‘વસંતવિજય’, ‘ચક્રવાકમિથુન’ અને ‘દેવયાની’ એ ત્રણ કાવ્યોમાં એમની સિદ્ધિ અનુપમ રહી છે. આ ખંડકાવ્યોમાં પ્રણયની અતૃપ્તિની વેદના અને તે નિમિત્તે કઠોર વિધિશાસનનું કરુણ જીવનદર્શન વ્યક્ત થયેલું છે.

**સં. વૈશાલી મહેતા**

# અગ્રલેખ: “માતૃહસ્તેન ભોજનમ્” - વિનોભા ભાવે

ચર્ચા ચાલે છે કે શિક્ષણનું માધ્યમ શું હોય? શિક્ષણ માતૃભાષા દ્વારા અપાય કે અંગ્રેજી માધ્યમ દ્વારા?

પરંતુ મને તો આ સવાલ જ વિચિત્ર લાગે છે! આમાં વળી પૂછવાનું શું છે? આમાં બે મત હોય જ કેવી રીતે, તે મારી સમજમાં નથી આવતું. ગધેડાના બચ્ચાને પૂછવામાં આવે કે તને ગધેડાની ભાષામાં જ્ઞાન આપવું જોઇએ કે સિંહની ભાષામાં, તો એ શું કહેશે? એ કહેશે કે સિંહની ભાષા ગમે તેટલી સારી હોય, મને તો ગધેડાની ભાષા જ સમજાશે, સિંહની નહીં. એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા જ છે, અને તેના દ્વારા જ શિક્ષણ અપાય. આમાં શંકાને કોઇ સ્થાન નથી.

હું તો ત્યાં સુધી કહીશ કે નાનાં બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાને બદલે પારકી ભાષામાં આપશો, તો એ બાળકો નીર્વીર્ય બનશે, નિર્બોધ બનશે, એમની ગ્રહણશક્તિ બુઠ્ઠી બનતી જશે. તમારે પ્રયોગ કરી જોવો હોય, ઇંગ્લેન્ડમાં કરી જુઓ! ત્યાંનાં બાળકોને બધું શિક્ષણ હિન્દીમાં કે કન્નડમાં કે મરાઠીમાં આપીને જુઓ! એમનું શરીર, પ્રાણ જીર્ણ-શીર્ણ થઇ જશે. કૃષ્ણે સાંદિપનિના આશ્રમમાં રહીને વિદ્યા પ્રાપ્ત કરી. પછી ઘરે પાછા ફરવા લાગ્યા, ત્યારે ગુરુએ આશીર્વાદ માંગવાનું કહ્યું, ત્યારે તેમણે માંગ્યું, ‘માતૃહસ્તેન ભોજનમ્’ એટલે કે મરતાં સુધી મને માતાના હાથનું ભોજન મળે.

હું વિચાર કરું છું કે તે બાળકોની શી વલે થતી હશે, જેમને ક્યારેય માના હાથનું ભોજન ખાવાનું ભાગ્ય સાંપડતું નથી! ક્યાંક હોટલમાં ખાય છે કે ક્યાંક ભોજનાલયમાં. માના ભોજનમાં કેવળ રોટલી જ નથી હોતી, પ્રેમ પણ હોય છે. એટલા વાસ્તે જ કૃષ્ણે ‘માતૃહસ્તેન ભોજનમ’ એવો વર માંગ્યો. એવી જ રીતે હું એવું માંગું કે, ‘માતૃમુખેન શિક્ષણમ’ એટલે કે માતાને મુખેથી શિક્ષણ મળે. અને એ જ વાત માતૃભાષાને લાગુ પડે છે. બાળકને માતૃભાષામાં જ શિક્ષણ મળવું જોઇએ. શિક્ષણનું માધ્યમ તો માતૃભાષા જ હોય. માતૃભાષા દ્વારા જ પહેલેથી છેવટ સુધી બધું શિક્ષણ આપવું જોઇએ. શિક્ષણ માટે અંગ્રેજી માધ્યમની વાત કરવી, એ સો ટકા મૂર્ખામી છે.

બીજી ચર્ચા ચાલે છે, અંગ્રેજી ક્યારથી શીખવવું તે વિશે. મારું માનવું એ છે કે પહેલાં સાત વરસનો જે અનિવાર્ય શિક્ષણનો ગાળો સમસ્ત પ્રજા માટે માનવામાં આવ્યો છે, તેમાં

અંગ્રેજીને સ્થાન આપવું એ શિક્ષણની દ્રષ્ટિએ તથા લોકમાનસના વિકાસની દ્રષ્ટિએ મોટી ભૂલ થશે. તેનાથી અંગ્રેજી ભાષાજ્ઞાનને વિશેષ લાભ નહીં થાય. ઊલટાની માતૃભાષા તથા બીજા વિષયોના અધ્યયનને હાનિ પહોંચશે. જેને એક વાર માતૃભાષાનું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે પાછળથી અન્ય ભાષા થોડા વખતમાં સારી રીતે શીખી શકે છે. અનેક પ્રયોગો કરીને મેં આ જોઇ લીધું.

નાની ઉંમરથી અંગ્રેજી શીખવીશું, તો બાળક અંગ્રેજી સારું શીખશે, એ તદ્દન ખોટો ખ્યાલ છે. જ્યાં સમાજમાં આબોહવા અંગ્રેજીની હોય, ત્યાં નાનપણથી અંગ્રેજી શીખવી શકાય, પરંતુ જ્યાં સુધી વ્યાકરણ મારફતે ભાષા શીખવવાની પ્રણાલી છે, ત્યાં સુધી માતૃભાષામાં વ્યાકરણ અને સાહિત્યની સારી જાણકારી થયા વિના બીજી ભાષાઓ સરળતાથી પકડી શકાતી નથી. માતૃભાષાનું વ્યાકરણ અને સાહિત્ય ન જાણનારો બીજી ભાષાઓનું વ્યાકરણ ને સાહિત્ય કઇ રીતે શીખશે? માટે શિક્ષણનાં પહેલાં સાત વરસ અંગ્રેજી ન જોઇએ. આ  દરમિયાન તો માતૃભાષાનું જ શિક્ષણ પાયામાંથી પાકું થવું જોઇએ.

વળી, આમાં સમસ્ત સમાજની દ્રષ્ટિએ પણ વિચાર થવો જોઇએ. આપણે એ ભૂલવું ન જોઈએ કે મોટા ભાગનાં બાળકો તો સાત વરસનું જ શિક્ષણ લેતાં હોય છે. તેઓ સાત વરસથી આગળ વધતાં જ નથી. આટલું શિક્ષણ લઇને તેઓ ખેતીમાં જશે કે બીજા – ત્રીજા નોકરી-ધંધામાં જશે. એમને અંગ્રેજીનો શો ઉપયોગ? તો એમના ઉપર નિશાળમાં અંગ્રેજી શું કામ લાદવું? થોડાંક વરસમાં અમને અંગ્રેજી તો આવડવાનું છે નહીં, પણ એમના બીજા વિષયોના અધ્યાનમાં આનાથી ધક્કો પહોંચશે. એટલે એમણે આ નાહકના બોજમાંથી મુક્ત રાખવાં જોઇએ. આમ, પહેલાં સાત વરસના શિક્ષણમાં અંગ્રેજીનું સ્થાન ન હોવું ઘટે.

આ ઉપરાંત, ઘણી વાર એમ પણ કહેવામાં આવે છે કે અંગ્રેજી વિના દેશનો વહીવટ શી રીતે ચાલશે? અથવા તો અંગ્રેજી નહીં જાણતા હોઇએ, તો વહીવટમાં આપણે પાછા પડી જઇશું. આ વાત પણ એકદમ નવાઇ પમાડે તેવી છે, અને એવી માન્યતા કાયમ રહે, તો તેમાં ભારે મોટો ખતરો છે.

( વિનોબાજી લિખિત ‘શિક્ષણમાં અંગ્રેજીનું સ્થાન’માંથી સાભાર.)

# અંગત પરિચય: જેઠાભાઈ કે. પટેલ



જેઠાભાઈ કે. પટેલે બી.એસસી., બી.એ. અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યારબાદ જ્યોતિ વિદ્યાલયમાં શ્રી દેવી એજ્યુકેશન ટ્રસ્ટ ખેડબ્રહ્મામાં મંત્રી તરીકે, સંતશ્રી રામજીબાપા ક.ક.પા. કન્યા વિદ્યાલયમાં મંત્રી તરીકે ભાગ ભજવ્યો છે. ગુરુકુળ વિદ્યાવિહાર નવસારી લાટ, અમદાવાદ કચ્છ કડવા પાટીદાર સત્તપંથ સનાતન સમાજ ટ્રસ્ટ નવસારી, અમદાવાદના કારોબારી સભ્ય તરીકે રહી ચુક્યા છે. હાલમાં તેઓ માતૃભાષા અભિયાન અંતર્ગત પુસ્તક-પરબ પ્રકલ્પ હેઠળ ખેડબ્રહ્મામાં પરબ ચલાવે છે.

# અંગત પરિચય: આશાબેન વિ. ભટ્ટ



આશાબેન ભટ્ટે બી.એ., એમ.એ.(હોમ સાયન્સ), બી.એડ અને પત્રકારત્વ (ડિપ્લોમા)નો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યારબાદ આશાબેન આર્ય સમાજ કન્યાવિદ્યાલય જામનગર, શ્રી માધવલાલ શાહ હાઇસ્કૂલ ખંભાત, શ્રી વિશુદ્ધનંદ તથા નૂતન વિદ્યાલય, ભાવનગર ખાતે શિક્ષક તરીકે કાર્યરત રહ્યા. એ પછી તેમણે ઇ.ટી.વી દ્વારા પ્રસારિત હાસ્યસભર કાર્યક્રમ “વાર્તાના દેશમાં” શ્રેણીમાં બાળવાર્તા-કથન તથા બહેનો માટેની વિશિષ્ટ સહિયર શ્રેણીમાં પ્રથમ સ્ત્રી મીમીક્રી-કલાકાર તરીકે કામ કર્યું છે. માતૃભાષા અભિયાનના અંતર્ગત દાદા-દાદીનો ઓટલો પ્રકલ્પમાં આશાબેન બોપલમાં સરકારી ટ્યૂબવેલ પાસે આવેલા ઉદ્યાનમાં દાદા-દાદીનો ઓટલો ચલાવે છે.

**સં. વૈશાલી મહેતા**

# આપણા આયોજનો:

## (૧) પુસ્તક પરબ :

"પુસ્તક-પરબ" પ્રકલ્પ ટુંક સમયમાં સમગ્ર ગુજરાતમાં ખૂબ જ લોકપ્રિય અને લોકભોગ્ય બન્યો છે. હાલમાં સમગ્ર ગુજરાતમાં ૧૫૭ કેન્દ્રો કાર્યરત છે, જેમાં અમદાવાદમાં ૩૮



સહકારી જીન ચાર રસ્તા, એન.કે.પેટ્રોલીયમની બાજુમાં સુનીલકુમાર પટેલ ચલાવે છે. દર માસના પહેલા રવિવારે ૭:૩૦ થી ૯:૩૦ સુધી આ તમામ કેન્દ્રો પર પુસ્તક પ્રેમીઓ અને સ્વયંસેવકો મળીને તેનું આયોજન કરે છે. તેની મુલાકાતે આવનાર કોઇપણ વ્યક્તિ બે પુસ્તક કાયમ માટે વાંચવા લઇ જઇ શકે છે અથવા પુસ્તકની પરબમાં પરત કરી શકે છે. પુસ્તક-પરબમાં કોઇપણ વ્યક્તિ પુસ્તકો ભેટ પણ આપી શકે છે.

## (૨) ગ્રંથમંદિર :

પુસ્તક-પરબની જેમ ગ્રંથમંદિર પણ ગુજરાતમાં અલગ અલગ શહેરોમાં કાર્યરત છે, જેમાં અમદાવાદમાં ૧૦ ગ્રંથમંદિરો અમદાવાદ બહાર ૧૨ ગ્રંથમંદિરો કાર્યરત છે. કુલ ૨૨ ગ્રંથમંદિરો સમગ્ર ગુજરાતમાં કાર્યરત છે.



ગ્રંથમંદિર (શેરી પુસ્તકાલય)માં વિવિધ પ્રકારનાં પુસ્તકો હોય છે. પુસ્તકો ફક્ત કબાટમાં સંગ્રહાયેલી સ્થિતિમાં ન રહે અને તેનો મહત્તમ ઉપયોગ વાચકો દ્વારા થાય તથા શેરી પુસ્તકાલયની જેમ જ ગ્રંથમંદિરની ગરજ સારે તે અર્થે શરૂ કરાયેલા ગ્રંથમંદિરના પ્રકલ્પ અંતર્ગત અમદાવાદ થલતેજ

વિસ્તારમાં ૩૫,આદિત્ય રેસીડેન્સી, શ્યામવિહાર બંગ્લોઝની પાછળ શીલજ રોડ, થલતેજ, અમદાવાદમાં ગીતા રાજેન્દ્ર પંચાલ દ્વારા ગ્રંથમંદિર કરવામાં આવે છે. સોમ થી રવિના રોજ સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૭:૦૦ના સમય દરમિયાન ભાષા પ્રેમીઓ પુસ્તકો વાંચવા આવે છે. આ ગ્રંથમંદિરમાં બાળસાહિત્ય, યુવાસાહિત્ય અને નવલકથા જેવા અનેક પુસ્તકોનો સમાવેશ થાય છે.વાચક વર્ગ સુધી આ પુસ્તકો વધુમાં વધુ પહોંચે તે મુખ્ય આશય છે.

## (૩) દાદા-દાદીનો ઓટલો

માતૃભાષા અભિયાન દ્વારા દર મહિનાના બીજા અને ચોથા રવિવારે પરિમલ ઉદ્યાન અને વસ્ત્રાપુર તળાવ પર, વસ્ત્રાપુર સરકારી વસાહત, શાંતિનિકેતન શાળા, વેજલપુર, મણિનગર ઉત્તમનગર ગાર્ડન "દાદા-દાદીનો ઓટલો"નો કાર્યક્રમ યોજાય છે.



ઓટલા દરમિયાન બાળકો સાથે માતૃભાષાના કાર્યવાહકો બાળવાર્તાઓ, બાળગીતો, સાયન્સ અને ટેકનોલોજીની વાતો કરે છે. અને આ પ્રવૃત્તિ દરમ્યાન બાળકોને શિખામણ આપવી, સમજાવવા, ટેવો-કુટેવોની સમજણ આપવી વગેરે જેવો કોઇ હેતુ રહેલો નથી. ઓટલા દરમ્યાન ફક્ત કથાકથન દ્વારા બાળકો સાથે દાદા-દાદીની જેમ વાતો કરવામાં આવે છે. ઘણીવાર બાળકો પણ જેમ પોતાના દાદા કે દાદી સામે પોતાની વાતની રજૂઆત કરે તેમ અભિવ્યક્તિ કરે છે. ઓટલા અંતે બાળકોને સાતોલિયું, આંધળી ખિસકોલી જેવી રમતો રમાડવામાં આવે છે.

આ પ્રવૃત્તિ હવે તા-૧૦ અને ૨૪મી જુન યોજાશે.

## (૪) બાળસાહિત્ય શનિસભા:



બાળ સાહિત્યને પ્રોત્સાહન અપવાના હેતુથી માતૃભાષા અભિયાન શનિસભા નામનો પ્રકલ્પ પણ ચલાવે છે. ગત માસમાં ૬૨મી બાળસાહિત્ય શનિસભા યોજાઇ જેની અંતર્ગત નવોદિત સાહિત્યકારો પહેલા અને બીજા શનિવારે મળે છે. આ વખતની શનિસભામાં ૧૧ વ્યક્તિઓની હાજરી હતી. જેમાં પ્રશાંત રાવલ, મનહર ઓઝા, યશવંત મહેતા, કિશોર પંડ્યા, નયના મહેતા, બિંદુ.એન.માધુ, પ્રહલાદભાઇ ડી.સુથાર, માલિની સી. શાસ્ત્રી, યોસેફ મેકવાન, દિવ્યા શાહ, દિવ્યા નીધાની. આ શનિસભામાં બાળવાર્તાઓ લેખકો દ્વારા રજૂઆત કરવામાં આવી.

## (૫) માતૃભાષા સભ્યપદ:

માતૃભાષા અભિયાન દ્વારા સભ્યપદના પ્રમાણપત્ર મોકલવાની કાર્યવાહી શરૂ થઇ છે. કાર્યવાહક મિત્રોને વિનતી છે કે તેમના સહાયકોના પણ નામ, સરનામું, ઇ-મેઇલ, મોબાઇલ નંબરની માહિતી મોકલી આપે કે જેથી સભ્યપદ પ્રમાણપત્ર મોકલી શકાય.

## (૬) અલભ્ય પુસ્તકાલય:

માતૃભાષા અભિયાન દ્વારા અલભ્ય પુસ્તકાલય પ્રકલ્પ પણ ચલાવે છે. જેમાં જે પુસ્તકોની નકલ મેળવવી મુશ્કેલ હોય તેવા પુસ્તકોને અલભ્ય પુસ્તકાલયમાં રાખવામાં આવે છે. અત્યાર સુધીમાં ગુજરાતીનાં ૨૭૩ હિન્દી અને સંસ્કૃત ૬૪ તથા અંગ્રેજી ભાષાના ૭૬ એમ કુલ ૪૧૩ પુસ્તકોની પુસ્તકોની નોધણી થઇ ગઇ છે. ટુંક સમયમાં આ પુસ્તકોને ડીઝીટલાઇઝેશન કરીને વાચકો માટે ખુલ્લા મુકવામાં આવશે.

માતૃભાષા અભિયાનની આપ સૌ વાચકોને નમ્ર વિનંતી છે કે જો આપની પાસે આવા કોઇ પુસ્તકો હોય અને આપ બીજા વાચકોને તેના લાભ આપવા ઇચ્છતા હોવ તો આવા પુસ્તકો અમારા કાર્યાલય પર દાન આપી શકો છો.

## (૭) માતૃભાષા પત્રિકા

માતૃભાષા અભિયાન દ્વારા ચાલતા વિવિધ પ્રકલ્પો અને ગત માસમાં થયેલી તેની કામગીરી જેમ કે પુસ્તક-પરબ, ગ્રંથમંદિર, બાળ-સાહિત્ય, અલભ્ય પુસ્તક સંગ્રહાલય, વગેરે પર થયેલી કાર્યવાહીને સામાન્ય પ્રજાજન સુધી પહોંચાડવાનો અમારો આ પ્રયાસ છે. માતૃભાષા ગુજરાતી અંતર્ગત વિવિધ પ્રવૃત્તિ ચાલતી હોય અને આપના ધ્યાનમાં આવી હોય તો અમને જાણ કરશો. અમે પત્રિકામાં આપની માહિતીનો સમાવેશ કરીશું.

**સં. વૈશાલી મહેતા**

# દાનની અપીલ

માતૃભાષા અભિયાન છેલ્લા ૫ વર્ષથી ચાલતી જાહેર સંસ્થા છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતી ભાષાના સંવર્ધન અને સંરક્ષણનો છે. અત્યાર સુધી અમે નીચે મુજબના કાર્યો કર્યા છે:

- **પુસ્તક પરબ -** ગુજરાત ભરમાં ૧૫૪ કેન્દ્રો દ્વારા ૫.૫૦ લાખ પુસ્તકો યોગ્ય વાચકો સુધી નિઃશુલ્ક પહોંચાડ્યાં છે.
- ધોરણ ૧ થી ૮ ગુજરાતી વિષય ફરજીયાત ભણાવવામાં માટે લેવા **સરકારના નિર્ણય પાછળ આ ટ્રસ્ટની મહત્ત્વની ભૂમિકા** છે.
- **ગ્રંથમંદિર / શહેરી પુસ્તકાલય -** ગુજરાતમાં ૨૫ કેન્દ્રો કાર્યરત છે.
- **બાળસાહિત્ય શનિસભા -** ૬૦મી બાળસાહિત્ય શનિસભાનું આયોજન થયું છે.
- **દાદા-દાદીનો ઓટલો -** ૭ કેન્દ્રો કાર્યરત છે.
- **અલભ્ય ગુજરાતી પુસ્તકોનો સંચય -** ૨૭૨ પુસ્તકોનો સંચય કરવામાં આવ્યો છે.
- **પરસ્પર -** ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકારો સાથે જાહેર વાર્તાલાપ.
- **ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન** પ્રતિવર્ષ કરવામાં આવે છે.
- **ઓનલાઇન ગુજરાતી અભ્યાસક્રમ** ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

**સમગ્ર પ્રજાની રસ-રૂચિનું ઘડતર થાય, સવિશેષ યુવાપેઢીમાં વાંચનની ટેવ કેળવાય અને ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિનો મહિમા થાય તેવું કાર્ય કરતા આ ટ્રસ્ટને આર્થિક સહાય આપવા આપને વિનંતી કરીએ છીએ.**

**આ સંસ્થાને અપાતું દાન કલમ ૮૦જી(૫) મુજબ મુક્તિપાત્ર છે.**